## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




એક ગુડ ન્યુઝ છે.. ગુગલની ઓફિસ ગાંધીનગરમાં થવાની... નેટ બંધ હોય ને કોઇ રેસીપી બનાવવી હોય તો... ડાયરેક્ટ ઓફિસે જઇ પુછી લેવા નું ...!!

# રતનપુર ગામની જમીન પર ૩૫ વર્ષથી કબ્જો જમાવી બેઠેલા ચાર શખ્સો સામે ફરીયાદ

**જમીન પર કબ્જો જમાવી પાકી ઓરડીઓ અને તબેલાનું બાંધકામ કરતા લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ફરીયાદ**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના રતનપુર ગામની સર્વે નં-૩૩૬ (જુનો સર્વે નં-૧૬૦) ખેતીની જમીન ગામના ચાર શખ્સોએ છેલ્લા ત્રણ દાયકાથી પચાવી પાડી છે. આ જમીનમાં ગેરકાયદે કબ્જો કરી પશુઓ માટે શેડવાળુ છાપરુ, તેમજ પાકી ઓરડીઓ બનાવી ખેતી પણ કરે છે. ત્યારે ખેડુતે જમીન ખાલી કરવાનું કહેવા છતા પણ જમીન પર ગેરકાયદે કબ્જો જમાવતા લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ચાર શખ્સો સામે ગુનો નોંધાયો છે.

ગાંધીનગરના રતનપુર ગામે રહેતા મહેન્દ્ર જુગાજી ઠાકોર ખેતી કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. રતનપુર ગામની સીમમાં સર્વે નં.૩૩૬ (જુનો સર્વે નં.૧૬૦)ની ૦૦-૩૯-૩૬ હેકટર જમીનમાં ફરીયાદીના પિતાના દાદા ડાહ્યાજી ડુંગરજી ઠાકોર નામે ચાલતી હતી. ત્યારબાદ ડાહ્યાજી મૃત્યુ પામતા નોંધ નં.૬૧૪ થી કેશાજી ડાહ્યાજી ઠાકોર એટલે કે ખેડુતના દાદાની વારસાઈ થઈ હતી. ત્યારબાદ કેશાજી ડાહ્યાજી ઠાકોર મરણ જતા નોંધ નં.૧૧૫૯ થી ફરીયાદીના પિતા જુગાજી કેશાજી ઠાકોરની વારસાઈ થઈ હતી. ત્યારબાદ જુગાજી કેશાજી ઠાકોર ગુજરી જતા ફરીયાદી અને પંકજ અને સુનિલ સહિતના ભાઈના નામ વારસાઈ હક્કે દાખલ થયા છે. હાલમાં રેવન્યુ રેકર્ડમાં ફરીયાદી અને તેના પરિવારના નામો ચાલે છે.રતનપુર ગામની સીમમાં સર્વે નં.૩૩૬ ની જમીન પર ચેતન નેનાજી ઠાકોર, લાલાજી મણાજી ઠાકોર, કાળાજી જીવાજી ઠાકોર, અને ગણપતજી ચતુરજી ઠાકોરે છેલ્લા ત્રણ થી સાડા ત્રણ દાયકાથી ગેરકાયદેસર રીતે કબ્જો જમાવ્યો છે.

હાલ ખેતરમાં પતરાના શેડવાળુ છાપરુ અને પશુઓ માટે તબેલો તેમજ પાકી ઓરડીઓ બનાવી ખેતી પણ કરે છે.

આ જમીન અમારી છે તેમ કહી ગેરકાયદે કબ્જો જમાવી બેઠેલા શખ્સો સામે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રીક્ષા ચાલકનો મોબાઈલ ફોન લઈ અન્ય રીક્ષાચાલક ફરાર

**વાવોલ લીલા ફાર્મ પાસેનો બનાવ, હપ્તા ભરવાના બાકી છે, જેથી તાત્કાલીક ફોન કરવો છે તેમ કહી ફોન લીધો હતો.**

ગાંધીનગર, તા.૨૫

વાવોલ ઉવારસદ માર્ગ પર લીલા ફાર્મ પાસે રીક્ષા ચાલક પાસેથી અન્ય રીક્ષા ચાલકે બે હપ્તા ભરવાના બાકી છે, જેથી તાત્કાલીક ફોન કરવો છે તમારો ફોન આપોને તેમ કહેતા રીક્ષા ચાલકે ફોન આપ્યો હતો.ત્યારે વાત કરતા કરતા અન્ય રીક્ષા ચાલક પોતાની રીક્ષા સ્ટાર્ટ કરી મોબાઈલ લઈ નાસી ગયો હતો.જયારે મોબાઈલ ચોરી કરી લઈ જતા ચાલક પણ પોતાની રીક્ષા લઈ પાછળ ગયો હતો. પરંતુ ચોર શખ્સો રીક્ષા દોડાવી મુકી હતી.બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અમદાવાદ ઓઢવ ખાતે રહેતા મહેન્દ્રભાઈ શિવાજી ચૌહાણ રીક્ષા ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવે છે.ત્યારે ગત તા.૨૨ ના રોજ વહેલી સવારે ઓઢવ થી સે-૨૮ જીઆઈડીસીમાં ગંગા હાઈડ્રોલીકમાં ગીયરબોકસના ચક્કર મુકવા માટે આવ્યા હતા. ત્યારબાદ જીઆઈડીસીમાંથી નવ વાગે નીકળી વાવોલ અડાલજ થઈ ઘરે જવા માટે રીક્ષા લઈને મહેન્દ્રભાઈ નીકળ્યા હતા. તે સમયે વાવોલ લીલા ફાર્મ પાસે થોડીવાર આરામ કરવા માટે ઉભા હતા. તે સમયે અન્ય રીક્ષા ચાલક આવીને તેઓની પાસે વાત કરવા માટે ફોન માંગણી કરી હતી. તે શખ્સે મારે રીક્ષાના બે હપ્તા ભરવાના બાકી છે જેથી મારે ફોન કરવો છે તેમ કહ્યું હતું. જથી મહેન્દ્રભાઈ ફોન આપ્યો હતો તે સમયે રીક્ષા ચાલક વાત કરી રહ્યો હતો અને અચાનક પોતાની રીક્ષામાં ચાલુ કરી બેસીને રવાના થઈ ગયો હતો.જેથી મહેન્દ્રભાઈએ રીક્ષા ચાલુ કરી તેનો પીછો કર્યો હતો પરંતુ તે પહેલા તે દુર નીકળી ગયો હતો. મોબાઈલ ચોરી કરીને લઈ જતા મહેન્દ્રભાઈએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# શ્રી એમ.એચ.વિદ્યામંદિર શાળામાં ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો



શ્રી એમ. એચ. વિદ્યામંદિર ડભોડામાં શાળામાં જરૂરિયાતમંદ બાળકોને અંદાજિત ૫૦ ડઝન ચોપડાનું વિતરણ ગામ અગ્રણી શ્રી અનિલભાઈ વી ગજ્જર દ્વારા કરવામાં આવ્યું.

# અડાલજ ચાંમુડા ટી સ્ટોલ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૨૫

અડાલજ ન્યુ ચાંમુડા ટી સ્ટોલની બાજુમાં પાર્ક કરેલા પ્લેટીના બાઈકની ચોરી થવા પામી છે. યુવકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ મુળ વતન રાજસ્થાનના ભીલવાડાના અને હાલ ઈન્ડીયન પેટ્રોલ પંપની સામે અન્નપૂર્ણા મંદિર નજીક અડાલજ ખાતે ન્યું ચાંમુડા ટી સ્ટોલ નામે ચા ની લારી રોશનલાલ ગુજજર ચલાવે છે. જયારે રોશનલાલે જી.જે.૦૭.એ.એસ.-૧૦૫૪ નંબરનુ બજાજ પ્લેટીના બાઈકની ખરીદી કરી હતી. ગત તા.૧૯ ના રોજ પ્લેટીના બાઈક રાત્રીના ૧૦ વાગ્યાના સમયે ન્યું ચામુંડા ટી સ્ટોલની બાજુમાં પાર્ક કરી લોક મારી મુક્યું હતું. જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક ન મળતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મહાનગર ભાજપના સાત કાર્યકર્તા વિસ્તારક તરીકે ભોપાલ જશે.

● ગાંધીનગર શહેરમાં આજે ભારે ઉકળાટ હોવાથી પંખા અને એ.સી. સહિતના ઉપકરણો સતત વપરાશમાં રહ્યા હતા.

● ગાંધીનગર મહાનગરપાલિકાએ છેલ્લા ત્રણ મહિનામાં ૪૧ લોકોને ખુલ્લામાં શૌચક્રિયા કરવા બદલ રૂ. ૩૨૫૦નો દંડ ફટકાર્યો છે.

● દહેગામ પોલીસે ગણતરીના કલાકોમાં તસ્કરનો ખેલ પાડ્યો : ચોરીના મોબાઈલ સાથે આરોપીની ધરપકડ.

● કલોલના સઈજ ધાનજ રોડ નજીક પાડોશીઓએ ઝાડ કાપવાની બાબતે મહિલાની કરપીણ હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી છે.

● ગાંધીનગર તાલુકાના શેરથા ગામે ઓશિકા નીચે મોબાઈલ મુકી સુઈ જતાં યુવકનો મોબાઈલ ચોરાયો.

● આગામી શનિવારથી ચાર્તુમાસનો આરંભ થઈ રહ્યો હોવાથી ભક્તજનોમાં ખુશીનો માહોલ છવાયો છે.

● સે. ૮ ખાતે આવેલ સરકારી પ્રા. શાળામાં અભ્યાસ કરતા બાળકોને કિસાન મોરચાના ઉપાધ્યક્ષ દ્વારા ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર ફાયરબ્રિગેડ દ્વારા વિવિધ શાળાના બાળકોને બેઝીક ફાયર ફાયટીંગની તાલિમો શરૂ કરવામાં આવી છે.

● સે. ૭-એ વસાહત મંડળ દ્વારા આનંદોત્સવનું આયોજન કરાયુ હતુ.

● બાવન વણકર સમાજ પ્રગતિ મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

● નાયક સમાજ ટ્રસ્ટ ગુજરાત કલોલ દ્વારા નાયક વ્યાસ ભોજક સમાજના વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● કલોલમાં ૨૭મીએ રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર શહેરમાં વિવિધ સેકટરોમાં હવે ટોરેન્ટ પાવર દ્વારા ખોદકામ શરૂ થવા પામ્યુ છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાની ફરિયાદો ઉઠી છે.

● ગાંધીનગરના કુડાસણમાં આવેલ સમન્વય રેસીડેન્સી કો.ઓ. હાઉસીંગ સોસાયટીની ખાસ સાધારણ સભા આજે યોજાઈ હતી.

# કોલવડા ગામની સીમમાંથી યુજીવીસીએલના ૨૧૮ કિલો વાયરની ચોરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર કોલવડા ગામની સીમમાં આર્યુવેદીક કોલેજ સામે ઓએનજીસી વેલ તરફ જતા વીજ થાંભલાનો રૂ.૪૪ હજારનો ૭ ગાળાનો ૨૧૮ કિલો વાયર કાપી ચોર શખ્સ લઈ ગયો છે. ત્યારે ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે સબ ડીવીઝનના નાયબ ઈજનેરે ફરીયાદ નોંધાવી છે.ગાંધીનગર યુજીવીસીએલમાં સબ ડીવીઝનમાં છેલ્લા ચાર માસથી નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા મુકેશભાઈ લાલજીભાઈ ચૌધરી સેકટર-૧૯ પ્લોટ નં.૧૩૨-૧૦ પરિવાર સાથે રહે છે. જયારે પેથાપુર, કોલવડા, રાંધેજા, સરઢવ, સહિત અન્ય ગામ પણ તેઓની ફરજમાં આવે છે. ગત તા.૧૯ ના રોજ યુજીવીસીએલમાં લાઈન મેન તરીકે ફરજ બજાવતા કર્મચારીએ ફોન કરીને જાણ કરી હતી કે કોલવડા ગામની હદમાં આવતા ઓએનજીસી વેલ નં. કેએલ-૭૦૯ સર્વે નં.૧૯૩૪ ઉપરથી વીજ કનેકશન જતા ભારે દબાણ ૧૧ રોયલ જેજીવાય લાઈનના વાયર હતા તે કોઈ કાંપીને લઈ ગયેલ છે. જેથી અધિકારીઓને સ્થળ પર વીઝીટ કરવા જણાવ્યું હતું. જેથી તેઓએ કહ્યું કે કોલવડા ગામની સીમમાં ઓનએનજીસી તરફ જતા વીજ થાંભાલાનો રૂ.૪૪ હજારનો ૭૭ ગાળાનો ૨૧૮ કિલો વાયર કોઈ ચોર શખ્સ કાંપીને લઈ જતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

## રબારી સમાજનું ગૌરવ




ગાંધીનગર, તા. ૨૫

મેડીકલ કોલેજમાં પ્રવેશ માટેની નીટની પરીક્ષામાં ગાંધીનગરના દેસાઈ ક્રિષ્ન બાબુભાઈએ ૬૫૦/૭૨૦ માર્કસ મેળવતા સમગ્ર રબારી સમાજ અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે.

# ભાટ ટોલટેક્ષ પાસે પાર્ક કરેલા એકસેસની ડેકીમાંથી મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ભાટ ટોલટેક્ષ પાસે સાબરમતિ નદી કિનારે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા એકસેસની ડેકીમાંથી મોબાઈલની ચોરી થવા પામી છે.બનવા અંગે યુવતિએ રૂ.૧૨ હજારના મોબાઈલ ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. અમદાવાદ કુબેરનગર ખાતે રહેતી ૨૦વર્ષિય યુવતિ ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવે છે. ગઈકાલે બપોરના સમયે તે અને તેનો મિત્ર એકસેસ લઈ ઘરેથી નીકળી સાબરમતિ નદી એપોલો સર્કલ ભાટ ટોલટેક્ષ નજીક નભોઈ ગામની સીમમાં નદીમાં ન્હાવા માટે ગયા હતા. જયારે ટોલટેક્ષ પાસે પોણા બે વાગે એકસેસ પાર્ક કરી તેની ડેકીમાં મોબાઈલ મુકીને ગયા હતા.જયારે પોણા ચાર વાગે પરત આવી જોયુ તો પાર્ક કરેલા એકસેસની ડેકીમાંથી મોબાઈલની ચોરી થઈ ગઈ હતી. જેથી કોઈ અજાણ્યા શખ્સે એકસેસની ડેકી ઉંચી કરી અંદરથી રૂ.૧૨ હજારની કિંમતનો વીવો કંપનીનો ફોન ચોરી કરી પલાયન થઈ જતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# અંબાપુર ગામમાં ગટરના ગંદા પાણીની વહેતી નદીઓ

**બે મહિનાથી ઉભરાતી ગટરોના પ્રશ્નનો ઉકેલ લાવવામાં તંત્રને રસ જ નથી : સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆત છતાં પણ કોઈ નિરાકરણ નહીં**



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકા હસ્તકના અંબાપુર ગામના રહીશો છેલ્લા બે મહિનાથી ઉભરાતી ગટરની સમસ્યાને લઈને પરેશાન થઈ ગયા છે. મહાનગરપાલિકા હોવા છતાં નામ બડે પણ દર્શન ખોટે જેવી સ્થિતિ તંત્રની જોવા મળી રહી છે. ગામમાં બે મહિનાથી ઉભરાતી ગટરના પ્રશ્નનો ઉકેલ લાવવામાં તંત્ર દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાથી રહીશોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના અંબાપુરા ગામમાં એપ્રિલ મહિનાથી ગટરો ઉભરાઈ રહી છે. ગામના વારાહી માતાના મંદિરેથી ઈન્દિરા નગરી સુધીના વિસ્તારમાં બંને તરફ ગટરો ઉભરાતી હોવાથી તેના પાણી માર્ગ ઉપર ફરી વળે છે. જેને કારણે રાહદારીઓ અને વાહન ચાલકોને અવર-જવરમાં પણ પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે. પોસ્ટ ઓફિસની બાજુમાં રબારીવાસ પ્રજાપતિ વાસ પટેલ વાસમાંથી નીકળતી આ ગટર માંથી આખા અંબાપુર ગામનું પાણી પસાર થાય છે. જે કોઈ કારણસર ચોક થવાને કારણે આગળ જતું નથી. જેને કારણે ચેહર માતાના મંદિર પાછળ થઈને ઈન્દિરા નગરના માર્ગે આ પાણી ઉભરાઈ રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા નુસાર, ૧૫ એપ્રિલથી ગટર ઉભરાતી હોવા છતાં આજ દિન સુધી તંત્ર દ્વારા કોઈ જ કામગીરી કરવામાં આવી નથી. સ્થાનિક આગેવાનોને તેમજ મહાનગરપાલિકામાં પણ આ મામલે રજૂઆત કરવામાં આવી હોવા છતાં આજ દિન સુધી તંત્ર ઉભરાતી ગટરના પ્રશ્નનું નિરાકરણ લાવવામાં રસ દાખવતું નથી. બે મહિના ઉપરાંત થી ગામમાં ગટર ઉભરાતી હોવાને કારણે રોગચાળો ફાટી નીકળવાનો પણ ભય જોવા મળી રહ્યો છે. મહાનગરપાલિકા ગાંધીનગર દ્વારા ગ્રામજનોની રજૂઆતોને જાણે કે ધ્યાને જ લેવામાં આવતી નથી. હાલમાં આ ઉભરાતી ગટરને કારણે ગામના રહીશોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીના ઘર પર હુમલો કરનાર જમાદાર, ભાઈ-ભાણીયો જેલ હવાલે

ગાંધીનગર,તા.૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલાના ઘર પર તલવારો અને ધોકા વડે હુમલો-તોડફોડ કરી કોલવડાના ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદાર, તેમના ભાઈ અને ભાણીયાએ અન્ય સાથીઓ સાથે આતંક મચાવ્યો હતો. ગત વિધાનસભાની ચુંટણીની અદાવતમાં કોલવડાના ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદારે આ હુમલો કર્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. ત્યારે સેકટર-૨૧ પોલીસે તોડફોડના ગુનામાં સેન્ટ્રલ જેલથી ટ્રાન્સફર વોરંટના આધારે ઘનશ્યામસિંહ જમાદારની ધરપકડ કરી એક દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. ત્યારબાદ જમાદારના ભાઈ અને ભાણીયાની પણ પોલીસે ધરપકડ કરી સેન્ટ્રલ જેલ હવાલે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી છે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# સરકારી કોલેજોમાં પ્રવેશ મેળવવુ વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ બન્યુ

ગાંધીનગર, તા. ૨૫

ગરીબ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળે તે માટે સરકારી કોલેજો શરૂ કરાઈ છે પરંતુ આવી સરકારી કોલેજોમાં પ્રવેશનો અધિકાર ગુજરાત યુનિવર્સિટીએ લઈ સીટો મર્યાદિત કરી દીધી છે.

જેના પરિણામે વિદ્યાર્થીઓને સરકારી કોલેજોમાં પ્રવેશ મળતો નથી તેમને નાછૂટકે ખાનગી કોલેજોમાં પ્રવેશ લેવો પડે છે.

છેલ્લા પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી ઉચ્ચ શિક્ષણની ભૂખ વધતાં સરકારે શેરીએ શેરીએ ગામોગામ સેલ્ફ ફાયનાન્સ અને ખાનગી યુનિવર્સિટીઓ ઉભી કરવાની ઉદારતાથી મંજૂરીઓ આપીને સરકારના માથેથી શિક્ષણનો ખર્ચ અને ભાર હળવો કરવાનું જે કાર્ય કર્યુ છે તેના કારણે આજે કોઈ વિદ્યાર્થીને પોતાને મનગમતી સરકારી કોલેજ કે ગ્રાન્ટવાળી સારી ગણાતી કોલેજોમાં દાખલ થવુ હોય તો કોલેજો પાસેથી પ્રવેશનો અધિકાર ગુજરાત યુનિવર્સિટીએ લઈ લીધો છે. તેને કારણે પરિસ્થિતિ એવી છે કે ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત સરકારે એવું નક્કી કર્યુ છે.

કે જે કોઈ વિદ્યાર્થી દાખલા તરીકે ગાંધીનગરમાં રહેતો હોઈ વિદ્યાર્થી ધોરણ ૧૨ પછી કોમર્સ કોલેજ જે સેક્ટર-૧૫માં સરકારી કોલેજ છે.

તેમાં દાખલ દાખલ થવુ હોય તો આ કોલેજને વિદ્યાર્થીને સીધો પ્રવેશ આપવાનો અધિકાર ગુજરાત યુનિવર્સિટીએ છીનવી લીધો છે અને સરકારી કોલેજ કે ગ્રાન્ટવાળી અર્ધ સરકારી કોલેજોમાં એફવાયબીકોમમાં દાખલ થવુ હોય તો ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ દ્વારા ઓનલાઈન પ્રવેશ લેવો પડે છે.

અને ગુજરાત યુનિવર્સિટી અને સરકારે એવું નક્કી કર્યુ છે કે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ અને સેલ્ફ ફાયનાન્સ કોલેજોનો ધંધો જીવતો રાખવા ઓનલાઈન નામનું તરકટ શરૂ કરેલ છે અને આવી દરેક કોલેજોને એફવાયમાં કેટલી સંખ્યામાં પ્રવેશ આપવો તેનો અધિકાર યુનિવર્સિટી પાસે છે.

સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગરને અમુક મર્યાદિત ડીવીઝન આપ્યા છે એટલે આવા મર્યાદિત ડિવીઝનમાં પ્રવેશ છલકાઈ જાય પછી વિદ્યાર્થીએ ના છુટકે પ્રાઈવેટ યુનિવર્સિટી અને સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં દાખલ થવું પડે છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧